# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-10 માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા ઑગસ્ટ-2020 માં જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં પરીક્ષા આપેલ છે તેનું પરિણામના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તથા માર્ચ-2020ની પરીક્ષાના ઉર્તીર્ણ થયેલા ઉમેદવારોના પ્રમાણપત્રો તા:-18/09/2020નાં રોજ જિલ્લા કક્ષાએ પહોંચાડવામાં આવશે. જિલ્લા કક્ષાએ કોવિડ-19ની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને શાળાઓને તાલુકા વાઇઝ / SVS કક્ષાએ / કોર્પોરેશન વિસ્તારોમાં જિલ્લા કચેરી વિતરણની વ્યવસ્થા તા:-21/09/2020નાં રોજ કરશે. પરિણામ અને પ્રમાણપત્રોનું વિતરણની જાણ જિલ્લા કક્ષાએથી કરવાની રહેશે.

પૂરક પરીક્ષાના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓએ ગુણચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર મૂકવામાં આવેલી સૂચનાઓનો અભ્યાસ કરી સાથે આપેલ પરિશિષ્ટમાં જરૂરી ફી સાથે દિન-07માં રજિસ્ટર્ડ પોસ્ટથી અરજી કરવાની રહેશે. કોવિડ-19ની વર્તમાન પરિસ્થિતિમાં રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તા:-17/09/2020
સ્થળ - ગાંધીનગર